#003 પોતાની જાતને આભાર! ☺

આજે એક ક્ષણ રોકાઈને પોતાની જાતને કહીએ– “આભાર.”

આભાર તમારા તે દિવસોને, જ્યારે તમે થાકી ગયા હતા છતાં આગળ વધ્યા.

આભાર તમારા તે પ્રયત્નોને, જેને કોઈએ જોયા નહીં, અને તમે છોડ્યા નહીં.

આજે તમે જ્યાં છો, ત્યાં અચાનક નથી પહોંચ્યા.

એમાં તમારી મહેનત છે, તમારી ભૂલો પણ છે, તમારુ શીખવું છે અને તમારા સંઘર્ષો પણ છે.

દરેક નિષ્ફળતા તમને મજબૂત બનાવી ગઈ, અને દરેક પ્રયાસ તમને નજીક લાવ્યા.

જ્યારે તમે તમારા ભૂતકાળના પ્રયત્નોને માન આપો છો,
ત્યારે તમારો આત્મવિશ્વાસ આપોઆપ વધે છે.

આજે પોતાની જાતને દોષ ન આપો — પરંતુ કદર કરો.
કારણ કે તમે હાર માન્યા નહીં, એટલે જ આજે અહીં છો. ✨